**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૬/૬/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૫૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૨૪ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ બિયર બોટલ કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૮/૧૫**

**મેઘાણીનગરઃ** પુષ્પાબહેન નટવરભાઈ સોલંકી (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કલાપીનગર મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નીધી (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ ભગોરા ચલાવે છે.

**ફોન ઉપર ધમકી આપી પૈસાની માંગણીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૯/૧૫**

**નારણપુરાઃ** બાલકૃષ્ણ ભીખાભાઈ પટેલ (ઉ.વ.૪૫) (રહે.નવાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૬/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે આરોપી કિર્તિભાઈ ગેમરભાઈ મકવાણા (રહે.બંધવડ તાલુકો રાધનપુર જીલ્લો પાટણ) એ પોતાના ફોન ઉપર જણાવેલ કે લાયકાત વગરના માણસોને નોકરી રાખેલ હતા એટલે તમને દંડ તો કરવો પડશે એટલે તમે મારા ખાતામાં રૂપિયા દસ લાખ રૂપિયા મારા ખાતામાં જમા કરાવી દેશો નહી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી આર ગઢવી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૦/૧૫**

**નારણપુરાઃ** મનોજ દેવનાથ ઝા (રહે.હનુમાનપુરાની ચાલી જુના વાડજ નારણપુરા) એ તા.૪/૬/૧૫ બપોરના ૧૨/૦૦ વાગે જુના વાડજ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે સુરજ રોશની ક્લીનીક નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીવી ૩૮૪૨ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મનોજ ઝાએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અશોકભાઈ મણીલાલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૧/૧૫</u>**

**સરખેજઃ** વોસાલ વિરેન્દ્રભાઈ મહેતા (રહે.શ્યામવિલા બંગલોઝ પાછળ ગાલા જીમખના રોડ બોપલ) એ તા.૫/૬/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૧૫ સવારના ૯/30 વાગ્યાના સુમારે બીઆરટીએસ બસ નંબર જીજે ૧ ડીએક્સ ૧૦૬૩ ના ચાલકે બસ બેદરકારી અને પુર ઝડપે ચલાવી મુન્નાસિંગ ને ટક્કર મારતા મુન્નાસિંગનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એમ પઠાણ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૨/૧૫</u>**

**ખાડીયાઃ** સચીન વિજયભાઈ પંચાલ (ઉ.વ.૨૩) (રહે.ખારાકુવાની પોળ, ઢાળની પોળ આસ્ટોડીયા ખાડીયા) એ કોઈ અગમ્ય કારણસર તા.૫/૬/૧૫ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઈ જતા સાંજના ૭/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ આર સંગાડા ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૩/૧૫**

| | |
|---|---|
| **સાબરમતીઃ** અફસાના ઈકબાલભાઈ કુરેશી (ઉ.વ.૨૫) (રહે.ન્યુ રેલવે કોલોની ડીકેબીન સાબરમતી) તા.૩/૬/૧૫ સાંજના ૫/30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી દવાખાને જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. ગુલાબી રંગનુ ટોપ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. કપાળની જમણી બાજુ જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૩ ઇંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **સાબરમતીઃ** નિકીતાબહેન યદુનાથસિહ રાજપુત (ઉ.વ.૨૨) (રહે.સત્સંગપાર્ક યોગીનગર ડી કેબીન સાબરમતી) તા.૧/૬/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જાંબલી રંગનો કુર્તો અને લીલા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઇંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)